# જામનગર સુથાર જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા જયંતીની ઉજવણી



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર સુથાર જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જ્ઞાતિના આશરે ૭૦૦૦ થી વધુ લોકો મહાપ્રસાદમાં જોડાશે. સવારે ૫:૦૦ વાગ્યાથી મંગળા આરતી કરાઈ હતી. ત્યારબાદ ૭:૦૦ વાગ્યે હવન અને ૧૧ થી ૧૨ દરમિયાન સભા સંબોધન કરાયું હતું અને ત્યારબાદ મહાપ્રસાદ યોજાયો હતો. આ સભામાં જામનગરના મંત્રી રિવાબા જાડેજા, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, શહેર પ્રમુખ બીનાબેન કોઠારી, મહામંત્રી વિજયસિંહ જેઠવા, મુર્ગેશભાઈ દવે, ભાવેશભાઈ ઠુમ્મર, કોર્પોરેટર સુભાષભાઈ જોશી, સુથાર જ્ઞાતિના પ્રમુખ રમણીકભાઈ ગોરેચા, ટ્રસ્ટી દિલીપભાઈ, અશોકભાઈ આમરણીયા કાર્યવાહક પ્રમુખ ભરતભાઈ વડગામા, ઉપપ્રમુખ નિલેશભાઈ ખારેચા, મંત્રી ડો. હેમાંશુભાઈ આમરણીયા, મહિલા પ્રમુખ દેવીકાબેન બકરાણીયા, યુવક મંડળ પ્રમુખ વિમલ ગોરેચા, તેમજ આ ઉત્સવના અધ્યક્ષ પ્રવીણભાઈ ભાલારાના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં આવશે.

# લાલપુર તાલુકામાં મુસ્લિમ સમાજના ૩૦૦૦ મતદારોના નામ કમી થઈ જતા પાઠવ્યું આવેદન

જામનગર : લાલપુર તાલુકા મુસ્લીમ સમાજ દ્વારા પ્રાંત અધિકારીને રજુઆત કરાઈ છે. જેમાં ગુજરાત રાજ્યના સામાન્ય મતદાતાઓને મત અધિકારથી વંચિત રાખવા ષડયંત્ર રચવામાં આવ્યું હોવાના આરોપ લગાવ્યા હતા.

ગુજરાત રાજ્યમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા - ૨૦૨૬ સંદર્ભે તારીખ ૧૯/૧૨/૨૦૨૫ ના રોજ મુસદા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ મતદાર યાદી અનુસંધાને વાંધા, સૂચન અને હક્ક - દાવા માટે ફોર્મ નંબર ૬, ૭ અને ૮ ભરવાની છેલ્લી તારીખ ૧૮/૦૧/૨૦૨૬ નિર્ધારિત કરવામાં આવી હતી. અચાનક તારીખ ૧૬/૦૧/૨૦૨૬ થી સમગ્ર ગુજરાતમાં મતદાર નામ કમી કરવા માટેનું ફોર્મ નંબર ૭ હજારોની સંખ્યામાં જમા થવાના શરૂ થયું છે. ત્યારે સવાલ એ છે કે આ ફોર્મની ખરાઈ કે આ ફોર્મ કાત એ ખરાઈ ચકાસણી કર્યા બાદ ફોર્મ ૭ સ્વીકારવાની ના પાડી દીધી હતી તેમ છતાં ૮૦ ટકાથી ઉપલા અધકારીઓએ આ ફોર્મ નંબર ૭ ની ખરાઈ કે ચકાસણી કેમ ન કરી ? ખોટી વ્યક્તિ, ખોટુ ચૂંટણી કાર્ડ નંબર અને ખોટો મોબાઈલ નંબર ફોર્મ ૭ રજૂ કરનાર વ્યક્તિની કરાઈ કે ચકાસણી કર્યા વગર જ અધિકારીઓએ ફોર્મ ૭ કેમ સ્વીકાર કર્યો? શું અધિકારીઓ આ ષડયંત્રમાં સામેલ છે ? ખોટા ફોર્મ રજૂ કરનારા સામે કેમ કોઈ પગલાં લેવામાં ન આવ્યા ? ફોર્મ ૭ મા ખોટું ફોર્મ રજૂ કરનારા સામે ફોજદારી રાહે કાર્યવાહી થઈ શકે છે ૧ વર્ષ જેલ થઈ શકે છે તેમ છતાં ખોટા ફોર્મ રજૂ કરનારા સામે હજુ સુધી પોલીસ ફરિયાદ કેમ નોંધવામાં ન આવી ? માંગ ઉઠાવતા જણાવ્યું કે ખોટા ફોર્મ ૭ ભરાયા તે તમામ દફતરે કરવામાં આવે અને ખોટા ફોર્મ ૭ રજૂ કરનારા સામે ફોજદારી રાહે પોલીસ ફરિયાદ કરવામાં આવે. લાલપુર તાલુકાના માત્ર મુસ્લિમ સમાજને ટારગેટ કરી ૩૦૦૦ થી પણ વધારે મતદારો ભારતના મતદાર નથી એવા ખોટા ફોર્મ રજૂ કરનાર સામે ગુનો નોંધવામાં આવે. દરેક ખોટા ફોર્મ ૭ ને તાત્કાલિક અસરથી દફતરે કરવામાં આવે દરેક ફોર્મ ૭ની એક એક નકલ અમને આપવામાં આવે નિયમોનુસાર ફોર્મ ૭ જાહેર જનતા માટે નોટીસ બોર્ડ પર મુકવામાં આવે. તેવી અંતમાં માંગ કરાઈ છે.



તસવીરઃ સુનિલ ચુડાસમા

# જામનગર પંથકમાં ખોવાયેલા ૧૫ મોબાઈલ ફોન પોલીસે શોધી મૂળ માલિકોને પરત કર્યા



જામનગર : જામનગરના પંચકોષી બી. ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં ૧૫ જેટલા આસામીઓના ગુમ થયેલા મોબાઈલ ફોન પોલીસે શોધી કાઢ્યા હતા, અને તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં તમામ મૂળ માલિકને બોલાવી લઈ પરત અપાયા છે.

જામનગરના પંચકોષી બી ડિવિઝન પોલીસ મથક હેઠળ આવતા વિસ્તારોમાંથી ૧૫ અરજદારોના મોબાઈલ ખોવાયાની પોલીસ ફરિયાદ બાદ પોલીસ દ્વારા ટેકનિકલ શોર્સીસ તથા સીઈઆઈઆર એપ્લિકેશનના આધારે તપાસ હાથ ધરી હતી. જેમાં ગુમ થયેલા ૧૫ પંદર મોબાઈ શોધી કાઢ્યા હતા.

જેમાં ૧ મોબાઈલ ધાનપુર તથા ૧ ગાંધીધામ (જિ.કચ્છ) તેમજ અન્ય મોબાઈલ જામનગર જિલ્લાના અન્ય પોલીસ સ્ટેશનોના વિસ્તારોમાંથી મળી આવ્યા હતા. જેથી મોબાઈલ ફોનના મુળ માલિકોને જાણ કરી તેઓને પોલીસ સ્ટેશન ખાતે બોલાવી રૂ.૨ લાખ ૪૭ હજારની કિંમતના ૧૫ મોબાઈલ ફોન તેના મુળ માલીકને પરત આપવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

### રેજીમેન્ટ ઓફ આર્ટિલરીની ૨૦૦મી વર્ષગાંઠ નિમિત્તે

# દ્વારકાથી દિલ્હી સુધી 'ભારત રણભૂમિ દર્શન' કાર રેલીનો બુધવારે થશે શુભારંભ

## ૨૨ દિવસમાં ૩૪૦૦ કીમીની યાત્રા તા. ૨૫ મીએ દિલ્હીમાં પૂર્ણ થશે

દ્વારકા : રેજિમેન્ટ ઓફ આર્ટિલરી વર્ષ ૨૦૨૬માં તેની ૨૦૦મી વર્ષગાંઠ ઉજવી રહી હોય દ્વિશતાબ્દી નિમિત્તે ભારણ રણભૂમિ દર્શન નામની અનોખી કાર રેલીનું આયોજન કરવામાં આવનાર છે. આ રેલીમાં સેના, નૌકાદળ, બી.એસ.એફ.ના તોપખાનાઓ ભાગ લેશે. આ રેલી દરમ્યાન ઐતિહાસિક યુદ્ધભૂમિઓ તેમજ શહીદોને સન્માનિત કરવામાં આવશે.

તા.૩ ફેબ્રુઆરીને મંગળવારના રોજ સવારે ૮ કલાકથી દ્વારકાના સનસેટ પોઈન્ટ ખાતેથી શરૂ થનાર રેલી આશરે ૨૨ દિવસમાં ૩૪૦૦ કિમીનું અંતર કાપી ૨૫ ફેબ્રુઆરીએ નવી દિલ્હી ખાતે આવેલ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ખાતે પહોંચશે. દરેક સ્થાન પર ટીમ ફ્લેગ ઈન, ફલેગ ઓફ ઉપરાંત દરેક સ્થાનમાં લડવામાં આવેલ ઐતિહાસિક લડાઈઓ અને બહાદુરીની ગાથાની ઉજવણીની થીમ પર ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. યુદ્ધ નાયકો, વીર નારી, માતાઓ, નિવૃત સૈનિકો, ભૂતપૂર્વ સૈનિકો, વિદ્યાર્થીઓ, સ્થાનીકો અને સ્ટેશન આસપાસના નાગરીકો તેમજ લશ્કરી વહીવટીતંત્રને આ ભવ્ય વિજયને શ્રધ્ધાંજલિ આપવા અને સન્માનિત કરવા આમંત્રીત કરાયા છે.

# શિરડી સાઈબાબા મંદિરે આંખના રોગો માટે નિઃશૂલ્ક કેમ્પ

જામનગર : શિરડી સાંઈબાબા મંદિર ગાંધીનગર તથા રણછોડદાસજી ચેરી ટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા દર મહિને જામનગરમાં આંખના રોગો માટેનો કેમ્પ વિના મૂલ્યે યોજવામાં આવે છે. જે ત.૩-૨-૨૦૨૬ મંગળવારના રોજ શિરડી સાંઈબાબા મંદિર ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે.

આ કેમ્પમાં આંખના દર્દીઓને તપાસી જરૂરી સુચના તેમજ દવાઓ આપવામાં આવે છે. ઉપરાંત જે દર્દીઓને આંખનું ઓપરેશન કરાવવાની જરૂરિયાત હોય તેવા દર્દીઓને ટ્રસ્ટ દ્વારા બસમાં રાજકોટ હોસ્પીટલ ખાતે લઈ જઈ તેઓનું ઓપરેશન પૂર્ણ કરી દર્દીને જામનગર પરત મૂકી જવા સુધીની સેવા ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે કરવામાં આવે છે. કેમ્પ ગાંધીનગર સાંઈબાબા મંદિર, જામનગર, કેમ્પની તા. ૩ મંગળવાર, સવારે ૯.૩૦ વાગ્યાથી બપોરે ૧૨.૩૦ વાગ્યા સુધી કેમ્પને લગતી વધુ માહિતી માટે ટ્રસ્ટના પ્રમુખ કનકસિંહ જાડેજાનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

# જામનગરમાં મકરાણી સમાજના પ્રમુખ ઉપર હુમલાના વિરોધમાં એસપીને પાઠવ્યું આવેદન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મકરાણી બલોચ સમાજના લોકોએ એસ.પી.ને લેખિત રજૂઆત કરી સમાજના પ્રમુખ ઉપર પ્રાણઘાતક હુમલા પ્રકરણમાં સંડોવાયેલા શખ્સો સામે કડક કાર્યવાહીની માંગ ઉઠાવી હતી.

રજૂઆતમાં જણાવ્યું કે તા. ૨૯-૦૧-૨૦૨૬ ના રોજ સમાજની માલિકીની જગ્યા જેમાં કબ્રસ્તાન–જમાતખાનુ તથા અન્ય જગ્યાઓ આવેલ છે. તેમાં સમાજના પ્રમુખ જામનગર મકરાણી - ભાડાની ઉઘરાણી માટે તથા જમાતની મિલ્કત નિરીક્ષણ માટે તે વિસ્તારમાં હતા. ત્યારે અગાઉ આયોજન કરી મોઢા ઉપર ઓળખાય નહી તે રીતે પ્રમુખ જાનમામદ મકરાણી ઉપર અચાનક ઘાતકી હથિયારો સાથે હુમલો કરાયો હતો.

આ વિસ્તારમાં વારંવાર અસામાજીક અને જનુની માણસો હુમલાઓ કરી પોતાની ધાક બેસાડી આ વિસ્તારને દાદાગીરી સાથે બાનમાં રાખવા પ્રયત્ન કરે છે. આ અગાઉ પણ આ વિસ્તારમાં આવા બનાવો બન્યા છે. જામનગર, ગુજરાતમાં શાંત અને ભાઈચારાનું, જીલ્લાનું મુખ્ય મથક છે અને તેમાં આવા લુખ્ખા દાદાગીરી કરી આ વિસ્તારની પ્રજાને રંજાડ કરે છે. બીક અને ભયથી કોઈ પોલીસ ફરીયાદ કરતું નથી. આથી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગ ઉઠી છે.

# ખંભાળીયા વિસ્તાર વિકાસ સત્તામંડળનો સૂચિત ડેવલપમેન્ટ પ્લાન પ્રસિદ્ધ, પડતર પ્રશ્નોનું નિરાકરણ આવશે : કલેકટર

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળીયા શહેરના સર્વાંગી વિકાસ માટે સરકાર દ્વારા વર્ષ-૨૦૧૧ માં 'ખંભાળીયા વિકાસ વિસ્તાર સત્તામંડળ' (ખાડા) ની રચના કરવામાં આવી હતી. ખંભાળીયાના સુનિયોજિત વિકાસ અર્થે આગામી ૨૧ વર્ષના રોડમેપ સાથે 'ખંભાળીયા વિકાસ વિસ્તાર સત્તામંડળ' સમાવિષ્ટ વિસ્તારનો 'સૂચિત ડેવલપમેન્ટ પ્લાન-૨૦૪૭' પ્રસિદ્ધ કરાયો છે.

આ અંગે જિલ્લા કલેકટર રાજેશ તન્નાએ માહિતી આપતા જણાવેલ કે ખંભાળીયા વિકાસ વિસ્તાર સત્તામંડળમાં ખંભાળીયા, હર્ષદપુર, ધરમપુર, રામનગર, શકિતનગર, હરીપર, કંચનપુર તથા દાંતા એમ કુલ-૮ ગામોનો સમાવેશ થાય છે. જેનો કુલ વિસ્તાર ૧૩,૬૨૫ હેકટર છે. જેમાં અલગ-અલગ ઝોન સૂચિત કરવામાં આવ્યા છે. ડેવલપમેન્ટ પ્લાનમાં અંદાજિત ૨૨ કીમી લંબાઈનો ૪૫ મીટર પહોળો રીંગ રોડ તેમજ અન્ય વિસ્તારો સાથે જોડાણ માટે ૧૮, ૩૦ અને ૪૫ મીટર પહોળાઈના કુલ ૧૨૨ કીમી જેટલા રસ્તાઓ સૂચિત કરવામાં આવ્યા છે. નાગરિકોની સુખાકારી અને ઉતમ જીવનધોરણ માટે વોટર બોડી નજીકથી 'રીક્રિએશન ઝોન' પણ સૂચવવામાં આવ્યો છે. તદુપરાંત ઔદ્યોગિક વિકાસના પરિણામે મહતમ રોજગારી તકોનું નિર્માણ થાય તે માટે નેશનલ હાઈવે કંચનપુર તથા હરીપર વિસ્તારમાં ૩૨૨ હેકટર જેટલી જમીનમાં ઔદ્યોગિક ઝોન સૂચિત કરવામાં આવ્યો છે. આ સંદર્ભે કાયદાની જોગવાઈઓ મુજબ નાગરિકો પાસેથી વાંધા સૂચનો પણ મંગાવવામાં આવશે તથા સરકારના ગેઝેટમાં તા.૨૭-૧-૨૦૨૬ પ્રસિધ્ધ થયાના બે માસમાં કોઈપણ નાગરિક ખાડાની કચેરીમાં લેખિતમાં 'ચાર નકલ' માં તેમની રજુઆત કરી શકશે. જે સમયમર્યાદામાં મોકલવાના રહેશે.

ઉપરાંત 'સૂચિત ડેવલપમેન્ટ પ્લાન-૨૦૪૭' નો નકશો ખાડાની કચેરીમાં કચેરી સમય દરમ્યાન જોઈ શકાશે. આમ ખંભાળીયા વિકાસ વિસ્તાર સત્તામંડળનો ડેવલપમેન્ટ પ્લાન - ૨૦૪૭ વિકાસના નવા આયામો સિધ્ધ કરશે અને શહેરીકરણની દિશાને વેગ આપશે તથા ઘણા બધા સમયથી નાગરિકોને પડતી નાના-મોટા બાંધકામની મંજુરીના પ્રશ્નોનું નિરાકરણ થશે અને કાયદાની જોગવાઈ આધીન શરતી પરવાનગી મળશે, ઈમ્પેકટની લાંબા સમયથી પડતર રજુઆતોનું ઝડપી નિરાકરણ આવશે તેમજ ઈઝ ઓફ લિવિંગમાં વધારો થશે તેવો આશાવાદ વ્યકત કરેલ છે.



# જામનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ



જામનગર : ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણોની આહુતિ આપનાર પૂજ્ય મહાત્મા ગાંધીજી તથા તમામ અમર શહીદ વીરોની સ્મૃતિમાં ૩૦ જાન્યુઆરી 'શહીદ દિવસ' નિમિત્તે સમગ્ર જામનગર જિલ્લામાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમો યોજાયા હતા.

જામનગર જિલ્લાની તમામ સરકારી કચેરીઓ ખાતે સવારે ૧૧:૦૦ કલાકે બે મિનિટનું મૌન પાળીને રાષ્ટ્રના વીર સપૂતોને આદરાંજલિ આપવામાં આવી હતી.

આ અવસરે જામનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર કેતન ઠક્કર તથા ઇ. નિવાસી અધિક કલેકટર શારદા કાથડની વિશેષ ઉપસ્થિતિમાં મૌન પાળવામાં આવ્યું હતું. કલેકટર કચેરીના તમામ ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓએ એકત્રિત થઈ દેશની આઝાદી અને સુરક્ષા માટે બલિદાન આપનાર શહીદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. માત્ર જિલ્લા મથકે જ નહીં, પરંતુ જામનગર જિલ્લાની વિવિધ પ્રાંત કચેરીઓ, તાલુકા કચેરીઓ, મામલતદાર કચેરીઓ તેમજ અન્ય સરકારી સંસ્થાઓમાં પણ અધિકારીઓ, કર્મચારીઓ અને ઉપસ્થિત નાગરિકો દ્વારા બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. આ તકે ઉપસ્થિત સૌ કોઈએ દેશની એકતા, અખંડિતતા અને સ્વતંત્રતાને જાળવી રાખવા માટે શહીદોના આદર્શો પર ચાલવાની અને રાષ્ટ્રસેવા માટે કટિબદ્ધ રહેવાની ભાવના વ્યક્ત કરી હતી.

# જામનગર ક્ષત્રિય કરણી સેના દ્વારા યુજીસી કાયદાના વિરોધમાં પાઠવ્યું આવેદન

જામનગર : જામનગર ક્ષત્રિય કરણી સેના દ્વારા યુજીસી કાયદાને લઈ આવેદનપત્ર આપતા જણાવ્યું હતું કે જાતિ ભેદભાવ દૂર કરવો એ અરજદાર રાજ્ય, એક બંધારણીય અને લોકશાહી સમાજની મૂળભૂત જવાબદારી છે. આ ઉદ્દેશ્ય ફક્ત એકતા, નિષ્પક્ષતા અને સ્પષ્ટ ઈરાદાઓ દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે, કોઈ રાજકીય કે વૈચારિક પૂર્વગ્રહ દ્વારા નહીં. કોઈપણ નિયમ કે સૂચના ઘડતી વખતે, ભારતની જટિલ સામાજિક રચના, જાતિ વંશવેલો અને જમીની સ્તરની સામાજિક વાસ્તવિકતાઓને સમજવી જરૂરી છે.

યુજીસી રેગ્યુલેશન્સ-૨૦૨૬ ની કેટલીક જોગવાઈઓ અંગે ગંભીર વાંધાઓ રજૂ કર્યા હતા. જેમાંજો કોઈ ઉચ્ચ જાતિનો વિદ્યાર્થી જાતિ ભેદભાવનો દોષી સાબિત થાય છે, તો નિઃશંકપણે તેની સામે કડક કાર્યવાહી થવી જોઈએ. જો કે, જો કોઈ વિદ્યાર્થીને વ્યક્તિગત દુશ્મનાવટ, દ્વેષ અથવા ખોટા આરોપો દ્વારા ફસાવવામાં આવે છે, તો આરોપી સામે પણ એટલી જ કડક કાર્યવાહી માટે સ્પષ્ટ જોગવાઈઓ હોવી જોઈએ. કાયદાનો દુરુપયોગ ન્યાયને નહીં, પણ અન્યાયને પ્રોત્સાહન આપે છે.



જો કોઈ ઓબીસી વિદ્યાર્થી જાતિના આધારે એસસી એસ ટી વિદ્યાર્થી સાથે ભેદભાવ કરે છે, તો તેમની સામે કાર્યવાહી કરવા માટે નિયમોમાં કોઈ સ્પષ્ટ જોગવાઈઓ કેમ નથી? શું ભેદભાવ ફક્ત એક જ દિશામાં શક્ય છે? સામાજિક વાસ્તવિકતા એ છે કે ભેદભાવ દરેક સ્તરે અને દરેક વર્ગમાં થઈ શકે છે.

કાયદાએ આને ઓળખવું જોઈએ. નવા નિયમોમાં ઓબીસીશ્રેણીને પીડિત પક્ષ તરીકે સામેલ કરવામાં આવી છે, તો શું આ ગર્ભિત રીતે સામાન્ય શ્રેણીને દોષિત તરીકે લેબલ કરે છે? ન્યાય વ્યવસ્થા પૂર્વગ્રહ પર નહીં, પરંતુ તથ્યો, ન્યાયી તપાસ અને કુદરતી ન્યાય પર આધારિત હોવી જોઈએ શૈક્ષણિક સંસ્થાઓ સમાજનું મૂળ છે. તેમનો હેતુ સમાનતા, સમાવેશ અને રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવવાનો છે.

સમાજમાં વિભાજન, વિભાજન અને અવિશ્વાસને પ્રોત્સાહન આપવાનો નથી. ભારત વિશ્વનું સૌથી મોટું લોકશાહી દેશ છે, પરંતુ આ સૂચના ભારતના બંધારણની મૂળભૂત ભાવના, બંધારણીય અભિગમ અને સમાનતાના સિદ્ધાંતો અનુસાર હોય તેવું લાગતું નથીજાતિગત ભેદભાવ નિઃશંકપણે દેશ માટે એક ગંભીર સામાજિક સમસ્યા છે. દોષિતોને કડક સજા આપવી જરૂરી છે.

પરંતુ નિર્દોષોને પોતાનો બચાવ કરવાની પણ પૂરતી તક આપવી જોઈએ. ૨૦૧૨ માં ઘડાયેલા નિયમોમાં આરોપો ખોટા હોવાનું અથવા ફસાવવાનો પ્રયાસ સાબિત થાય તો દંડ અને કાર્યવાહી માટે સ્પષ્ટ જોગવાઈ હતી. યુસીજી રેગ્યુલેશન્સ ૨૦૨૬દ્વારા આ સંતુલનને દૂર કરવું ખૂબ જ ચિંતાજનક છે. ક્ષત્રિય કરણી સેના જામનગર આવેદનપત્રમાં ગણાવ્યો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)